# અજબ તેરા કાનૂન દેખા

## ગાયન : વિજુ કુલકર્ણી

**ધ્રુવપદ:**

એ ખુદા, મેં જોયું છે કે
તારા કાયદા કેવા અજબ, કેવા રહસ્યમય છે!
તારી રીતો કેવી વિસ્મયકારી, કેવી અદ્‌ભુત છે!
મેં જ્યાં પણ દિલ લગાવ્યું,
જેને પણ મારો પ્રેમ આપ્યો,
ત્યાં હું વારંવાર તને જ પામ્યો છું.

**પદ ૧ :**

તને કોઈ મંદિરમાં નથી પામી શકતું,
નથી તું મસ્જિદમાં મળતો.
કારણકે એ ખુદા, તને તો માત્ર
એક સાચા અને નિષ્કપટ સાધકના દિલમાં જ જાણી શકાય છે,
એ દિલમાં જ જાણી શકાય છે
જે લલક સાથે ધબકતું હોય.

**પદ ૨ :**

અને એકવાર આ દિલ પૂરી રીતે તારા પર વારી ગયું
અને પોતાને પૂરી રીતે તને સોંપીને,
તેણે તારી સામે સમર્પણ કરી દીધું,
તો તું તારા પ્રેમની પૂર્ણ પ્રભા દેખાડી દે છે.

**પદ ૩ :**

એ ખુદા,

એકવાર જે પણ તારા શુદ્ધ સ્વભાવનો આશિક થઈ ગયો,

પછી તે એ જ રંગમાં રંગાઈ જાય છે જેમાં તેં તેને રંગી નાખ્યો.

**પદ ૪ :**

જેના દિલમાં થોડી પણ ખુદી એટલે કે

સ્વત્વનો ભાવ બાકી છે,

તેઓ તેમનો રસ્તો ભૂલી જાય છે.

જે પોતાના અહંના અને પૃથકત્વના ભાવનો ત્યાગ કરી દે છે,

માત્ર તેઓ જ તને મળશે અને તારા થઈ જશે.

**પદ ૫ :**

એ ખુદા, જેમને તારા પર વિશ્વાસ છે,

તેઓ તારાં દર્શન એવી રીતે કરે છે

અને તેને એવી રીતે સંભાળીને રાખે છે,

જેવી રીતે ભિખારીના હાથમાં

કોઈ અજોડ અને અણમોલ મોતી આવી ગયું હોય.

અંગ્રેજી ભાવાર્થ : ઈશા સરદેસાઈ

# પરિચય : ઈશા સરદેસાઈ

ભારતમાં સદીઓથી મહાન કવિઓ, ભગવાન પ્રત્યે પોતાનો પ્રેમ કવ્વાલી દ્વારા પ્રગટ કરતા આવ્યા છે. કવ્વાલીઓ, એવા ભક્તિગીત છે જેનો આરંભ સૂફી પરંપરામાં થયો હતો. આ કવ્વાલીઓ હિન્દી, ઉર્દૂ, અરબી, પંજાબી અથવા ફારસી ભાષામાં કે પછી આ ભાષાઓના મિશ્રણમાં ગાવામાં આવે છે. નિઃસંદેહ, પ્રેમની આ એક એવી અભિવ્યક્તિ છે જે સૌથી મનમોહક અને અંતરમસ્તીથી ભરી દેનારી છે.

કવ્વાલી, હૃદયસ્પર્શી હોવાની સાથેસાથે આનંદપૂર્ણ પણ હોય છે. તેના સૂરોમાં એટલી સૌમ્યતા, એટલી ફરિયાદથી ભરેલી તડપ હોય છે કે જે તમારા હૃદયના તારને છેડે છે. સાથેસાથે, તેનું સંગીત વિસ્તૃત હોવાના, સ્વતંત્રતાના અને અસીમ વિકાસના ભાવને વ્યક્ત કરે છે. કવ્વાલીમાં પૂર્ણ ઉન્મુક્તતા હોય છે.

જે સંમેલ્લનો કે જલસામાં પરંપરાગત રીતે કવ્વાલીઓ ગાવામાં આવે છે, તેને 'મહેફિલ-એ-સમા' કહે છે. 'મહેફિલ'નો અર્થ છે ''સંમેલન કે જલસો'' અને 'સમા', ભેગા થવાની એ સૂફી પ્રથાને કહેવામાં આવે છે જેમાં ખાસ કરીને આધ્યાત્મિક અથવા ધાર્મિક સંગીતનું ગાયન થાય છે.

મેં કવ્વાલીની મહેફિલમાં ભાગ લેનારાઓ પાસે સાંભળ્યું છે કે એ મહેફિલો લાજવાબ હોય છે. જ્યારે કવ્વાલ એટલે કે ગાયકનો અવાજ વાતાવરણમાં લહેરાઈ રહ્યો હોય, જ્યારે તબલા કે ઢોલકની થાપ, લોકોના ધબકાર સાથે એકલય થઈ રહી હોય ત્યારે વાસ્તવમાં પ્રેમની, ભક્તિની ઊર્જા એ સ્થાનમાં તરંગિત થઈ ઊઠે છે. ઘણીવાર લોકો ઊઠીને નૃત્ય કરવાં લાગે છે. ભગવાનની અનુભૂતિ તરત થાય છે અને તેને સ્પષ્ટતાથી મહેસૂસ પણ કરી શકાય છે.

શ્રીગુરુમાઈને કવ્વાલીઓ ગાવાનું અને સાંભળવાનું બહુ ગમે છે કારણકે તે પ્રિયતમ પ્રત્યે, ભગવાન પ્રત્યે ગહન, ગહન, *ગહન* પ્રેમને અભિવ્યક્ત કરે છે. 'અજબ તેરા કાનૂન દેખા', આ કવ્વાલીની પસંદગી શ્રીગુરુમાઈએ કરી છે અને તેને તેમની સંગીત લાયબ્રેરીમાંથી લેવામાં આવી છે.

અમને આ કવ્વાલીના રચયિતાનું નામ ખબર નથી. તોપણ, તેમણે આપણને જે શબ્દો આપ્યા છે, તેમણે જે રચના સદીઓ પહેલાં લખી હતી, એમાં આપણને કવ્વાલીના રચયિતા સાથે એક સંબંધ મહસૂસ થાય છે અને ભગવાન પ્રત્યે તેમના પ્રેમને આપણે પણ મહેસૂસ કરી શકીએ છીએ.

આ કવ્વાલી તેની મૂળ ભાષા — હિન્દી અને ઉર્દૂના મિશ્રણમાં — બહુ સુંદર છે, એટલે ગુરુમાઈજીએ વિચાર્યું કે બધાંને આ સાંભળવાનું ગમશે. શ્રીગુરુમાઈના કહેવાથી એસ.વાય.ડી.એ. સ્ટાફના એક સદસ્યા, વિજુ કુલકર્ણીએ (અથવા 'વિજુતાઈ'એ, બધાં તેમને આ જ નામે ઓળખે છે), આ કવ્વાલીને રાગ પટદીપમાં નવા રૂપે સ્વરબદ્ધ કરી છે.

શ્રીગુરુમાઈએ વિજુતાઈને પૂછ્યું કે તેમણે આની સંગીતરચના રાગ પટદીપમાં કેવી રીતે કરી. વિજુતાઈએ કહ્યું કે જ્યારે તેમને આ સેવા મળી તો તેમણે આંખો બંધ કરીને કવ્વાલીને પ્રાર્થના કરી કે તે પોતાની ઇચ્છા જણાવે કે તેને કયા રાગમાં ગાવામાં આવે.

પછી વિજુતાઈએ ગાવાનું શરૂ કર્યું અને તેઓ ગાતાં રહ્યાં, ગાતાં રહ્યાં. ગાતાં-ગાતાં તેમને ખબર પડી કે આ રાગ હતો : રાગ પટદીપ. આ રાગ પ્રેમ અને તડપના ભાવને જગાડે છે — એ તડપ જે પ્રિયતમથી વિયોગને લીધે ઉત્પન્ન થાય છે; એ વિયોગને દૂર કરવાની ઉત્કટ ઇચ્છાથી ઉત્પન્ન થાય છે. વિજુતાઈએ જણાવ્યું કે આ રાગ તેમને બાળપણથી ઘણો પ્રિય છે. આ રાગમાં સ્વરબદ્ધ ગીતોને ઉત્સુકતાથી સાંભળવાની તેમની પાસે ઘણી મીઠી-મીઠી યાદો છે.

વિજુતાઈ કહે છે, ‘‘આ રાગની અનોખી ધૂન મને ઘણી પ્રિય છે. તે મારા હૃદયને મોહી લે છે. જ્યારે પણ હું આ રાગને સાંભળું કે ગાઉં છું તો તે મને આનંદથી ભરી દે છે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.